## || ॐ श्री સાઈરામ ||

## || ॐ શ્રી સાઈ જોડી આદિપલ્લી સોમપ્પાય નમ: || (૨૦)

## જેમનું મૂળ સ્થાન કૈલાસ છે,

## એવા ઉમાસહ આપ્પા (શિવ-શક્તિ) ને અમારા નમસ્કાર છે.

પ્રત્યક્ષ સ્વામીએ આનો અર્થ સ્પષ્ટ કરીને કહ્યો છે. ૧૯૬૩ ની ગુરુપૂર્ણિમાને દિવસે પોતે ‘ શિવ-શક્તિ ’ નો અવતાર છે એમ તેમણે પ્રથમ જ કહ્યું હતું. શિવ-શક્તિનું મૂળ સ્થાન કૈલાસ છે એ તો બધા જાણે જ છે. એકવાર કૈલાસમ્ ' નામનો એક ભક્ત સ્વામી પાસે આવ્યો હતો ત્યારે સ્વામીએ તેને કૈલાસમ્ નામનો અર્થ પૂછ્યો, પણ તેને કાંઈ તેનો અર્થ ખબર ન હતો. ત્યારે સ્વામી બોલ્યા-કૈલાસમ્ એટલે સ્વચ્છતા, પવિત્રતા અને નિર્મળતાનું પ્રતીક. તેનો બીજો અર્થ ‘ નિર્મળ હૃદય ’ એમ પણ થાય છે. એટલે જ શિવ ભગવાને પોતાના વસવાટ માટે કૈલાસ શિખર પસંદ કર્યું અને તે પરમાત્મા ભક્તોના પવિત્ર હૃદયમાં પણ વાસ કરે છે'.

૧૯૬૩ ના મે મહિનામાં બેંગલોર જેવા (સ્થળ દર્શન કરવા ગયેલા) ગયેલા એક શિરડી સાઈ ભક્તની આ કથા. તે જ્યારે પોતાના કુટુંબ સાથે બેંગલોર જોવા ભાડેથી ગાડી કરીને નીકળ્યા હતા ત્યારે એક વૃદ્ધ ગૃહસ્થ તેમની પાસે આવ્યા. છ ફૂટથી પણ વધારે ઊંચાં, સફેદ દાઢી અને વાળ, શરીર ઉપર સફેદ કલરનો સદરો, ધોતી અને સફેદ ઉપવસ્ત્ર (ખેસ) એવી વેશભૂષાના અજાનુબાહુ દાદાજીએ તેમને પૂછ્યું- “ તમને કાંઈ મદદ જોઈએ છે? હું આ શહેરનો જ રહેવાસી છું. તેથી મને અહીંયાંની બધી ખબર છે. આ શહેર જોવું હશે તો હું તમને મદદ કરી શકું છું.'

આ સાંભળ્યા પછી તે ભક્ત દાદાજીને સાથે લીધા. તે દાદાજીએ આખો દિવસ ફરીને તેમને સંપૂર્ણ બેંગલોર બતાવ્યું પરંતુ બપોરે તેમની સાથે ભોજન કરવાનું ટાળ્યું. ખૂબ જ આગ્રહ થતા કોફી લીધી. સાંજ થવા લાગતા જ દાદાજીએ ડ્રાઈવરને ગાડી એક વિશિષ્ટ રસ્તા પર લેવડાવી જે રસ્તો બેંગલોરના ડ્રાઈવરના માટે-પણ નવો જ હતો. તેણે તે માર્ગે ગાડી લેતા જ એક ઠેકાણે ગાડી ઊભી કરાવી અને તે બધાને એક અતિશય સાંકડા અને ગુફા જેવા દેખાતા રસ્તેથી અંદર લઈ ગયા. અંદર સર્વત્ર અંધકાર ફેલાયેલો હતો. ફક્ત એક કોડિયું બળતું હતું અને તેના પ્રકાશમાં એક તેજસ્વી શિવલિંગ શોભાયમાન થતું હતું. તેનું દર્શન દાદાજીએ બધાને કરાવ્યું અને તીર્થ પણ આપ્યું. માત્ર પોતે લીધું નહીં.

સાંજે સર્વ સ્થળદર્શન થયા પછી દાદાજી (બાબાજી) જવા લાગ્યા, ત્યારે આ ગૃહસ્થ તેમને કાંઈક રકમ આપવા લાગ્યા, પરંતુ તે તેમણે નકારી. જ્યારે તેમને નામ અને સરનામું પૂછ્યું ત્યારે તેમણે જે નામ કહ્યું, તે આ કુટુંબે ક્યારેય સાંભળ્યું નહોતું અને સરનામું એટલે "હું ત્યાં પેલી બાજુ રહું છે. પરમદિવસે મળીશું." એમ કહીને એક વિશિષ્ટ દિશા તરફ આંગળી ચીંધી.

જ્યારે આ ગૃહસ્થ મુંબઈથી બેંગલોર જવા નીકળ્યા હતા, ત્યારે તેમના એક મિત્રએ વ્હાઈટ ફિલ્ડ જઈને શિરડી સાઈના પુનરાવતાર શ્રી સત્યસાઇના દર્શન લેવાનું સૂચવ્યું હતું. તે પ્રમાણે તે બધા લોકો બે દિવસ પછી ભર બપોરે વ્હાઈટ ફિલ્ડ જઈ પહોંચ્યા. તડકામાં બંધ દરવાજા (ઝાંપા) ની સામે અડધો ક્લાક ઊભા રહ્યા પછી અંદરથી સંદેશો આવ્યો કે-"મુંબઈથી આવેલા બધા લોકોને અંદર બોલાવો." જ્યારે આ કુટુંબ અંદર ગયું ત્યારે, પ્રત્યક્ષ સ્વામી તેમના સ્વાગત માટે સામેથી આવ્યા અને હસતાં હસતાં બોલ્યા. ' કેવું લાગ્યું અમારું બેંગલોર? બધું જોયું કે નહીં? આપણે પરમદિવસે મળ્યા હતા ને '? હવે આ ગૃહસ્થને ધ્યાનમાં આવ્યું કે પરમદિવસે મળેલા બાબાજી બીજા કોઈ નહોતા પણ શ્રી સાઈ શિરડી રૂપમાં દર્શન દેવા આવ્યા હતા અને તેમણે માર્ગદર્શન પણ કર્યું હતું. તે જ વખતે તેમણે બાબાજીએ કહેલું નામ યાદ આવ્યું ' શ્રી જોડી આદિપલ્લિ સોમપ્પા' એટલે જેનું હૃદય નિર્મળ છે તેમાં વસવાટ કરવાવાળા શિવ. એવા આ નિર્મળ હૃદયના ભક્તને સ્વામીએ પોતે તેમનું પ્રાચીન (પુરાતન) મંદિર બતાવ્યું હતું. આશ્ચર્યની વાત તો એ છે કે આ મંદિર અનેક વાર પ્રયત્ન કરવા છતાં પણ આ ભક્તને કે અન્ય ભક્તોને ફરીથી દેખાયું નહીં.

આવા પ્રકારના ઘણા અનુભવ અનેક ભક્તોને થયા છે. જ્યારે તેમના પર ઘોર સંકટ આવ્યું, ત્યારે તેમને જોડી આદિપલ્લિ સોમપ્પાએ દર્શન આપીને સંકટ મુક્ત કર્યા છે.

આ જોડી આદિપલ્લી સોમપ્પા આપણા બધાના હૃદયમાં કૈલાસમ કરવાની કૃપા કરે એ જ શિવ શક્તિ રૂપના ચરણોમાં પ્રાર્થના.

|| ૐ શ્રી સત્યસાઈ નાથાર્પણમસ્તુ ||